## (1) ઈન્ડિયન ઓશન કમિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની સ્થાપના પશ્ચિમ હિંદ મહાસાગરના ટાપુઓની રૂચિને રક્ષણ આપવા માટે કરવામાં આવેલી છે.
(2) તેનું સચિવાલય મોરેશિયસમાં આવેલું છે.
(3) સંયુક્ત રાષ્ટ્ર તેનું ઓબ્ઝર્વર છે.
(4) વર્ષ 2018માં ભારત આ સમૂહનું સભ્ય બન્યું હતું.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ઈન્ડિયન ઓશન કમિશનની સ્થાપના વર્ષ 1982માં મોરેશિયસમાં કરવામાં આવેલી હતી. તેનું સચિવાલય પણ મોરેશિયસમાં આવેલું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ આંતર સરકારી સંસ્થાના 5 સભ્ય દેશ છે : કોમોરોસ, માડાગાસ્કર, મોરેશિયસ, રિયુનિયન અને સિશેલ્સ. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ સમૂહના 7 ઓબ્ઝર્વર છે : ચીન, ભારત, જાપાન, માલ્તા, યુરોપિયન યુનિયન, યુનાઈટેડ નેશન્સ અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ લા ફ્રેન્કોફોની. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સમૂહની રચના પશ્ચિમ હિંદ મહાસાગરના ટાપુઓની રૂચિની રક્ષા માટે કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સમૂહ રાજકીય, આર્થિક અને વેપારી સહકાર, વૈશ્વિકીકરણ માટે ટકાઉ વિકાસ, સ્થાનિક સાંસ્કૃતિક ઓળખને મજબૂત બનાવી વગેરે જેવાં ક્ષેત્રોમાં કાર્ય કરે છે.

⇛ ભારત માર્ચ 2020માં આ સમૂહનું ઓબ્ઝર્વર બનેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## (2) 'Amoebiasis' રોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રોગ બેક્ટેરિયા દ્વારા થાય છે.

(2) તેના લક્ષણોમાં પેટમાં દુ:ખાવો તથા ડાયેરિયાનો સમાવેશ થાય છે.

(3) આ રોગ સામાન્ય રીતે ઉષ્ણકટિબંધોના વિસ્તારોમાં જોવા મળે છે.

(4) આ રોગ પાણી તથા ખોરાક મારફતે ફેલાય શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ 'Amoebiasis' એ પરોપજીવી દ્વારા થતો રોગ છે. 'Entamoeba Histolytica' નામના પરોપજીવી દ્વારા આ રોગ થાય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રોગ ઉષ્ણકટિબંધોના વિસ્તારો કે જયાં અસ્વચ્છ પાણીનો ઉપયોગ થતો હોય ત્યાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ રોગ સરખી રીતે ન રાંધેલા ખોરાક કે પ્રવાહી મારફતે ફેલાય શકે છે. દૂષિત પાણી દ્વારા શાકભાજીને સાફ કરવાથી પણ તે ફેલાય શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ રોગના લક્ષણોમાં પેટના દુ:ખાવા અને ડાયેરિયાનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ રોગની સારવાર એન્ટિબાયોટિક દવાઓ દ્વારા થઈ શકે છે.

⇛ તાજેતરમાં જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (JNU)ના સંશોધકોએ આ રોગ ફેલાવતા પરોપજીવી સમક્ષની એક દવા વિકસાવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) જેટ ઝીરો પ્લાન (Jet Zero) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્લાન યુનાઈટેડ કિંગડમ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) તે ઉડ્ડયન ક્ષેત્રના ગ્રીનહાઉસ ગેસને ઘટાડવા માટેની યોજના છે.
(3) આ પ્લાન દ્વારા ટ્રાન્સએપ્લાંટીકની વિમાન સેવાને કાર્બન–મુકત બનાવવામાં આવશે.
(4) આ કાર્ય કરવા માટે એક 'જેટ ઝીરો' કાઉન્સીલની રચના કરવામાં આવી છે.

(A) માત્ર (1) અને (2)   (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)   (D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં યુનાઈટેડ કિંગડમ દ્વારા 'જેટ ઝીરો' પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ પ્લાનનો ઉદ્દેશ ઉડ્ડયન ક્ષેત્રમાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાનો તથા એક પેઢીના સમયમાં ટ્રાન્સએપ્લાંટીકની વિમાન સેવાને કાર્બન–મુકત બનાવવાનો છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇒ યુ. કે. સરકાર અંતર્ગત ઉડ્ડયન ક્ષેત્રના પ્રમુખ આગેવાનો, પર્યાવરણીય સમૂહો અને સરકારી કર્મચારીઓને સાથે લાવીને એક 'જેટ ઝીરો' કાઉન્સીલની સ્થાપના કરવામાં આવી છે.

⇒ આ કાઉન્સીલને આ પ્લાનના કાર્યો કરવા માટે બનાવવામાં આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસમાં ઉડ્ડયન ક્ષેત્રનો ફાળો 2%થી વધુ છે. જો આ ક્ષેત્રમાં કોઈ હકારાત્મક પગલું લેવામાં ન આવે તો તેનો ગ્રીનહાઉસ ગેસમાં ફાળો વર્ષ 2050 સુધીમાં 300% વધી શકે તેમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) CIMAP વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Central Institute of Medicinal and Aromatic Plants છે.
(2) તેનું વડુંમથક લખનઉમાં આવેલું છે.
(3) તે ICMR હેઠળની એક રિસર્ચ લેબોરેટરી છે.
(4) તે મેડીસિનલ અને એરોમેટીક છોડના ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તાનું સંશોધન કરે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ **CIMAPનું પૂરુંનામ Central Institute of Medicinal and Aromatic Plants** છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇒ તેની સ્થાપના વર્ષ **1959**માં સેન્ટ્રલ ઈન્ડિયન મેડીસિનલ પ્લાન્ટ્સ ઓર્ગેનાઈઝેશન **(CIMPO)** તરીકે કરવામાં આવી હતી. વર્ષ **1978**માં તેની **CIMAP** તરીકે પુનઃરચના કરવામાં આવી હતી.

⇒ આ સંસ્થા મેડીસિનલ તથા એરોમેટીક છોડના ક્ષેત્રમાં જિવવિજ્ઞાન તથા રસાયણવિજ્ઞાનમાં ઉચ્ચ ગુણવત્તાનું સંશોધન કાર્ય કરે છે તથા ખેડૂતો તથા ઉદ્યમ સાહસીકોને ટેક્નોલોજી તથા સેવા પ્રદાન કરે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇒ આ સંસ્થાનું વડુંમથક ઉત્તરપ્રદેશના લખનઉમાં આવેલું છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇒ તે **CSIR** હેઠળની પ્રમુખ છોડ સંશોધન લેબોરેટરી છે. **CSIR**નું પૂરુંનામ કાઉન્સીલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) રાજા પર્બ (રાજા પર્વ) તહેવાર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ તહેવાર આસામમાં ઊજવવામાં આવે છે.

(2) આ તહેવાર વરસાદના રાજા તથા સૂર્યને સમર્પિત છે.

(3) આ તહેવાર મિથુન સંક્રાંતીના એક દિવસ અગાઉથી ઊજવવામાં આવે છે.

(4) આ તહેવાર 3 દિવસ સુધી ઊજવવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ રાજા પર્બ ઓડિશામાં ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ 3 દિવસનો તહેવાર છે જે પૃથ્વી માતા (ભૂમા દેવી) તથા સ્ત્રીપણાને સમર્પિત છે. (આથી, વિધાન (2) ખોટું છે જ્યારે વિધાન (4) સાચું છે.)

⇛ આ દિવસ ઊજવવાની શરૂઆત મિથુન સંક્રાંતીના એક દિવસ પહેલાથી થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ તહેવારના પ્રથમ દિવસને 'પહિલિ રાજા', બિજા દિવસને 'મિથુન સંક્રાંતિ' તથા ત્રીજા દિવસને 'ભૂ દહા' અથવા 'બસી રાજા' તરીકે ઓળખવામાં આવે છે.

⇛ આ તહેવાર દરમિયાન ઓડિયા લોકો એવા કોઈ કાર્યો કરતાં નથી કે જેમાં પૃથ્વીને ખોદવી પડે. દા.ત. ચણતર કામ તથા ખેતર ખેડવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT